# ગિફ્ટ સિટીને ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા

ગાંધીનગર, તા. ૩
ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટીમાં મૂડીરોકાણ કરવા માટે રાજ્ય સરકારે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ સિટી એ સિટીએ ઈકો ફ્રેન્ડલી સિટી છે. આ સિટીમાં પાણી, ગટર અને લાઈટની સુવિધા ખુદ ગિફ્ટ સિટીએ ઉભી કરી છે. રાજ્યના નાણામંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં રોજના એક આંતરરાષ્ટ્રીય બેંકો, ઈન્સ્યોરન્સ કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ સહિત કુલ ૨૨૦થી વધુ કંપનીઓ કાર્યરત થઈ છે.

ન્યૂ ડેલપમેન્ટ બેંકના પ્રથમ ક્ષેત્રિય કાર્યાલયની સ્થાપના પણ આવેલી છે.

ગિફ્ટ સિટી આઈએફએસસીમાં કાર્યરત સંસ્થાઓને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ વર્ષ માટે આવક વેરામાંથી મુક્તિ આપવામાં આવી હોવાથી સિટીમાં કાર્યરત થતાં એરક્રાફ્ટ લિઝીંગ બિઝનેસને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવેલી છે.

નીતિન પટેલે કહ્યું હતું કે આ ક્ષેત્રમાં મોટાપાયે વિદેશી મૂડીરોકાણ અને રોજગારીની તકો ઉભી થવાની છે ત્યારે ગુજરાત સરકારની સંપૂર્ણ માલકીની ગિફ્ટ સિટીમાં મૂડીરોકાણ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં ૨૨૦ કંપનીઓ અને ૧૨૦૦૦ ને રોજગાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. આ સિટીમાં અત્યારે ૧૨૦૦૦ થી વધુ લોકો કામ કરી રહ્યાં છે.



ગાંધીનગર સ્થિત ગિફ્ટ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમના આંતરાષ્ટ્રીય સ્તરે સોદાનું ટ્રેડીંગ થાય છે.

બજેટ રજૂ કરતાં તેમણે કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને ગિફ્ટ સિટીમાં કરવામાં આવી છે. ભારતના પ્રથમ બુલિયન સ્પોટ એક્સચેન્જને કાર્યરત કરીને સોના અને ચાંદીના સંગ્રહ માટે બુલિયન સંગ્રહ સુવિધા વિકસિત કરવામાં આંતરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આ સિટીમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડીરોકાણ કરવામાં આવનાર છે. નાણામંત્રીએ કહ્યું હતું કે મૂડીરોકાણ અને મોટા પ્રમાણમાં રોજગારી ઉભી કરવા ગ્લોબલ ઓફશોર ફંડ્સને આકર્ષવા માટે નિયમોને હળવા કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા શેર બ્રોકરોને ગિફ્ટ સિટીમાં થતાં નાણાકીય વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યુટીમાં મુક્તિ આપવામાં આવી હોવાથી બ્રોકર્સના રજીસ્ટ્રેશનની સંખ્યામાં નવા રોજગાર સાથે અવિરત વધારો થઈ રહ્યો છે. એરક્રાફ્ટ લિઝીંગનો ખૂબ મોટો વ્યવસાય આંતરરાષ્ટ્રીયકક્ષાએ કાર્યરત છે. આ વ્યવસાયને આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ

# ૨૦૨૦માં રોયલ્ટીની આવક ૨૨૬૯.૩૩ લાખ રૂ. થઈ છે

### જિલ્લામાં ૧૨૫ ઔદ્યોગિક એકમો હાલ બંધ છે : ખનીજ ચોરીની દંડનીય વસુલાત ૬૨૮.૩૭ લાખની બાકી : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩
ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં રૂ. ૩૮૯.૩૫ લાખના ખર્ચે ૫૬ તળાવોમાં પાઈપલાઈનથી ભરવામાં આવ્યા છે.

કોંગીના સુરેશભાઈ પટેલે આ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ લેખિતમાં જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૯માં ૧૭ અને ૨૦૨૦માં ૩૯ તળાવોમાં પાઈપલાઈનથી તળાવો ભરવામાં આવ્યા હતા.

પાઈપલાઈન નેટવર્કથી તળાવો ભરવાની યોજના અંતર્ગત પાઈપલાઈનથી જોડાણની કામગીરી વર્ષ ૩૧-૩-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી અને પાણીની ઉપલબ્ધિ અને જરૂરિયાત પ્રમાણે ભરવાનુ આયોજન છે. તેમણે જણાવ્યુ હતુ કે બલિયાનગર (માણેકપુર)ના ગલાલી તળાવમાં એરવાલ્વની મરામતની કામગીરી હાલ ચાલુ છે અને તે પૂર્ણ થયેથી ચાલુ વર્ષે તે તળાવ ભરવાનું આયોજન છે. તાલુકામાં પાઈપલાઈન નેટવર્કથી વધુ ૨૫ તળાવો ભરવાનુ પણ આયોજન તૈયાર છે.

- **વસુલ કરાયેલ રોયલ્ટી**

ગાંધીનગર જિલ્લામાં ખનીજ રોયલ્ટીની આવક અંગે કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે તા. ૧-૨-૧૯ થી ૩૧-૧-૨૦ સુધીમાં જિલ્લામાં રૂ. ૨૨૬૯.૩૩ લાખની આવક અને ૧-૨-૨૦ થી તા. ૩૧-૧-૨૦૨૧ સુધીમાં રૂ. ૧૮૪૬.૯૪ લાખની આવક થઈ છે.

તેમણે કહ્યુ છે કે રોયલ્ટીની આવક એડવાન્સ વસુલવામાં આવતી હોવાથી કોઈ આવકની વસુલાત બાકી નથી.

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં તા. ૧-૨-૧૯ થી ૩૧-૧-૨૦ સુધીમાં સાદી રેતીની રૂ. ૧૭૫૩.૪૧ લાખ સાદી માટીની રોયલ્ટી માટે રૂ. ૪૮૯.૭૭ લાખ અને બ્રિકઅર્થની રોયલ્ટી પેટે રૂ. ૨૬.૧૫ લાખની આવક થઈ હતી.

તા. ૧-૨-૨૦ થી તા. ૩૧-૧-૨૧ સુધીમાં આ ત્રણે સદરે અનુક્રમે રૂ. ૧૪૪૭.૬૨ લાખ, ૩૦૮.૨૭ લાખ અને રૂ. ૯૧.૦૫ લાખની આવક થઈ છે.

- **અરજીઓ મંજૂર કરાઈ**

દહેગામના બલરાજસિંહ ચૌહાણ અને ગાંધીનગર (દ)ના ધારાભ્ય શંભુજી ઠાકોરના માઈક્રો સ્મોલ મિડીયમ એન્ટરપ્રાઈઝ એકમોની અરજીઓ મંજૂર કરવાના લેખિત પ્રશ્નોના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં આવી ૩૦૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૨૮૪ એકમોને રૂ. ૩૫૯૫.૮૪ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે.

- **કાર્યરત ઔદ્યોગિક વસાહત અને બંધ એકમો**

કોંગીના બેચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ઔદ્યોગિક વસાહતો અને બંધ ઔદ્યોગિક એકમો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ખાતે નવુ સદસ્ય નિવાસનું નિર્માણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩
ગાંધીનગર જિલ્લામાં વિકાસને સંતુલિત કરવા અને સાથે સાથે રોજગાર નિર્માણને પણ મહત્વ આપતી કેટલીક ખાસ જોગવાઈઓ રાજ્યના નાણાંમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કરી છે.

રાજ્ય વિધાનસભામાં રોજગાર નિર્માણની વાત કરતાં નાણાંમંત્રીએ જણાવ્યુ હતુ કે આગામી પાંચ વર્ષમાં વિવિધ સરકારી કચેરીઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બે લાખ યુવાનોની ભરતી કરાશે.

વર્ષ ૨૦૨૧-૨૨નું અત્યાર સુધીનું સૌથી મોટુ બજેટ રૂ. ૨,૨૭,૦૨૯ની રજુઆત કરતાં નાણાંમંત્રીએ ગાંધીનગર માટે જે મહત્વની જાહેરાતો કરી છે તે આ પ્રમાણે છે.

- ગાંધીનગર-અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે રૂ. ૫૬૮ કરોડ.
- ગિફ્ટસીટીના ડેવલપમેન્ટ અને શેરફાળા તરીકે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ.

### કડજોદરામાં નવી જીઆઈડીસી... તો કંથારપુર વડ ડેવલપમેન્ટ માટે ૧૦ કરોડની જોગવાઈ : ગિફ્ટ સીટીમાં એક્સલન્સ સેન્ટર અને કન્યાઓ માટે અદ્યતન છાત્રાલય બનશે

- ગિફ્ટ સીટીમાં એક્સલેન્સ સેન્ટર શરૂ કરવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ-ગાંધીનગર સાથે જોડતા રસ્તાઓ માટે રૂ. ૨૬.૨૦ કરોડના ખર્ચે ૬ માર્ગીય કરવામાં આવશે.
- ગાંધીનગર ખાતે નવુ સદસ્ય નિવાસનું નિર્માણ કરવામાં આવશે.
- રક્ષાશક્તિ સર્કલ પર ઓવરબ્રીજ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ.
- કડજોદરા ખાતે નવી ઔદ્યોગિક વસાહત બનાવવામાં આવશે.
- કંથારપુર વડ ડેવલપમેન્ટ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.
- આઈ.ઓરા પોર્ટલને સુદઢ કરવા માટે ગાંધીનગર સહિત પાંચ જિલ્લામાં ખાસ મહેકમ ઉભુ કરવામાં આવશે.
- કન્યાઓ માટે અદ્યતન સુવિધાઓ સાથેના છાત્રાલયના નિર્માણ માટે રૂ. એક કરોડની જોગવાઈ.
- ગાંધીનગરના ટાઉનહોલના રિનોવેશન માટે રૂ. ૧૬ કરોડની જોગવાઈ.
- સરકારી કચેરીઓની છત પર અંદાજે ૭ મે.વો. ક્ષમતાના સોલાર રૂફટોપ સિસ્ટમ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ ઉપરાંત તમામ સરકારી યુનિ.માં ક્લાયમેન્ટ ચેન્જ વિષયનું સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે.

# ભાટ સર્કલ પર કોબા હાઈવેને સમાંતર દોઢ કી મી લાંબો ઓવરબ્રિજ બનશે

### ઓવરબ્રિજ માટે બજેટમાં ૧૩૬ કરોડની જોગવાઇ : જયારે શાહપુર સર્કલ પર બ્રિજના નિર્માણ માટે પણ રૂ ૫૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૩
ગાંધીનગર અમદવાદ ટવિનસીટી વચ્ચે સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. હાઈટેક વિકાસ અને વધતી વસતી વચ્ચે ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. વાહનોની સંખ્યા વધતા રોડ નેટવર્કનો અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. જેને ધ્યાને લઈ બજેટમાં ઓવરબ્રિજના નિર્માણ માટે પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. કોબા હાઈવે પર ભાટ સર્કલ પર ઓવરબ્રિજ તૈયાર કરવા માટે ૧૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે શાહપુર સર્કલ પર બ્રિજના નિર્માણ માટે પણ આયોજન કરાયુ છે. આ માટે બજેટમાં રૂ ૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે દિવસ રાત દિવસ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. માર્ગ વાઈડનીંગના અંતે પણ ટ્રાફિકની સમસ્યા હજુ હળવી થઈ નથી.આવા સંજોગોમાં બન્ને શહેરોને જોડતા માર્ગ પર અન્ડર બ્રિજ તેમજ ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ચિલોડા સરખેજ માર્ગ પર પણ સાત જેટલા ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પૈકી બે ઓવરબ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં અન્ય બ્રિજ પણ તૈયાર કરી દેવાશે. ગાંધીનગર કોબા ઈન્દિરાબ્રીજ માર્ગ સ્થિત ભાટ સર્કલ પર ઓવરબ્રિજ બનાવવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે આજે નાયબ મુખ્યમંત્રીએ રજુ કરેલા

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના નવા સીમાંકન અંગેના આખરી આદેશો જારી કરતુ ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૩
ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સીમાંકન અંગેના હુકમો આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

મોડી સાંજે રાજ્ય ચૂંટણી પંચે આ આદેશો જારી કર્યા હતા. નવા સીમાંકન અંગેના ૨૪ જેટલા રજુ થયેલા વાંધા-મુદ્દાઓને પંચે ફગાવી દીધા છે અને જે પ્રાથમિક આદેશો સીમાંકનને લઈ કર્યા છે તે જ યથાવત્ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી આગામી માસમાં યોજાય તેવી સંભાવનાઓ છે. પંચ દ્વારા સીમાંકનના આદેશો જારી કરાયા બાદ હવે મનપા દ્વારા નવી મતદાર યાદી પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી પણ તેના ત્રીજી નવા સીમાંકન સાથે યોજાઈ રહી છે. નવા સીમાંકન પ્રમાણે શહેરના ૧૧ વોર્ડ થશે અને ૪૪ બેઠકો થશે.

વોર્ડ નં. ૬, ૭, ૯ અને ૧૦ માં બધી જ બેઠકો સામાન્ય બેઠકો રાખવામાં આવી છે.

### કયા વૉર્ડમાં કઈ બેઠક અનામત-બિનઅનામત

| વોર્ડ | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૩૮૬૫ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨૭૭૦૫ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૨૭૪૩૪ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૪ | ૩૧૭૭૩ | સામાન્ય | સામાન્ય | અનૂસૂચિત જાતિ | સામાન્ય |
| ૫ | ૩૧૧૪૭ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૩૦૯૩૯ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૨૯૯૫૪ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૮ | ૩૦૩૬૮ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૯ | ૩૧૬૨૯ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૦ | ૩૦૭૪૦ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૧ | ૨૮૯૩૨ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| કુલ | ૩૨૪૪૮૬ | - | - | - | - |



ગાંધીનગર અનેકવિધ વૃક્ષો અને છોડ-વેલ વગેરેની સમૃધ્ધિ ધરાવતું શહેર છે જેની દરેક મૌસમમાં અલગ અલગ સુંદરતા જોવા મળે છે. હાલ શહેરમાં ગરમીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છેત્યારે પણ શહેરમાં મનમોહક રંગો ધરાવતા પુષ્પો ખીલી નાગરિકોને આકર્ષી રહ્યા છે.

# પાટનગર યોજના માટેની ફાળવણીમાં ૧૦ કરોડનો કાપ

ગાંધીનગર, તા. ૩
રાજ્ય સરકાર દ્વારા પાટનગર યોજના વિભાગને આગામી નાણાંકીય વર્ષમાં રૂ. ૧૦ કરોડની ઓછી ફાળવણી કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આ વર્ષે પાટનગર યોજના માટે રૂ. ૨૯૪ કરોડની ફાળવણી કરી છે. જેમાં મોટા ભાગની રકમની ફાળવણી જુના મકાનોના રિનોવેશન, નિભાવણી અને જાળવણીને લઈ કરી છે.

આ વર્ષે ટાઉનહોલના રિનોવેશનનું કામ પણ હાથ ધરવામાં આવનાર છે અને આ માટે રૂ. ૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં હવે નવો વિસ્તાર ભેળવવામાં આવ્યો હોવાથી વિસ્તાર જરૂર વધ્યો છે પરંતુ પાટનગર યોજનાને ફાળવવામાં આવતી રકમમાં કાપ મુકવામાં આવ્યો છે.

# ગુજરાતમાં દારૂબંધી ચિંથરેહાલ ૨૧૫ કરોડનો દારૂ પકડાયો

### સૌથી વધુ દારૂ અમદાવાદ અને રાજકોટમાંથી પકડાયો, ગાંધીના ગુજરાતમાં ઝૂમ શરાબી ઝૂમ... નહીં પકડાયેલા દારૂનો આંકડો ક્યારેય બહાર આવતો નથી

ગાંધીનગર
ગુજરાત ડ્રાય સ્ટેટ છે કે દારૂબંધી ઉઠાવી લેવામાં આવી છે તે પ્રશ્નનો જવાબ મેળવવો કઠીન છે, કારણ કે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં એટલો દારૂ પકડાયો છે કે જેનો આંકડો જાણીને ચોંકી જવાય છે. બે વર્ષમાં પોલીસે રાજ્યભરમાંથી ૨૧૫ કરોડ રૂપિયાનો દારૂ પકડ્યો છે.

રાજ્યના ગૃહ વિભાગે વિધાનસભામાં આપેલા સત્તાવાર આંકડા પ્રમાણે રાજ્યમાંથી છેલ્લા બે વર્ષમાં ૨૧૫ કરોડ રૂપિયાનો દારૂ પકડવામાં આવ્યો છે. એટલું જ નહીં ૬૮.૬૬ કરોડ રૂપિયાના કેફી દ્રવ્યો પકડવામાં આવ્યા છે. મહાત્મા ગાંધીજીનું ગુજરાત હોવા છતાં આટલી મોટી રકમનો દારૂ પકડાય છે ત્યારે સવાલ એ થાય છે કે દારૂ પિવાતો કેટલો હશે. ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે કોરોના સંક્રમણના ૬૭ દિવસોમાં અગાઉના વર્ષ કરતાં વધુ દારૂ પકડાયો છે.

સરકારી આંકડાકીય માહિતી માહિતી મુજબ છેલ્લા બે વર્ષમાં ૧૯૮ કરોડ ૩૦ લાખ ૧૨ હજાર ૮૨૬ રૂપિયાની કિંમતની ૧૫ કરોડ ૫૮ લાખ ૬૫ હજાર ૧૯૯ વિદેશી દારૂની બોટલો પકડવામાં આવી. જ્યારે ૩ કરોડ ૬૫ લાખ ૯૨ હજાર ૮૩૩ની કિમતનો ૩૪ લાખ ૭૨ હજાર ૭૨૨ લીટર દેશી દારૂનો જથ્થો પકડવામાં આવ્યો છે.

આ ઉપરાંત બે વર્ષમાં રાજ્યમાંથી ૧૩ કરોડ ૧૮ લાખ ૩૩ હજાર ૩૪૮ રૂપિયાની કિંમતની ૪૧ લાખ ૨૩ હજાર ૫૦૩ બિયરની બોટલો પણ જપ્ત કરવામાં આવી. આમ કુલ ૨૧૫ કરોડ ૧૪ લાખ ૩૯ હજાર ૦૦૭ની કિંમતનો દેશી-વિદેશી દારુનો જથ્થો રાજ્યમાંથી જપ્ત કરવામાં આવ્યો છે.



દારુ સિવાય ગુજરાતમાં વિવિધ કેફી દ્રવ્યોનું વ્યસન પણ પંજાબની જેમ ફાલીફૂલી રહ્યું છે. જેની માહિતી વિધાનસભામાં આપવામાં આવી છે. આ માહિતી પ્રમાણે રાજ્યમાં બે વર્ષમાં ૬૮ કરોડ ૬૦ લાખ ૩૩ હજાર ૩૧૦ રૂપિયાની કિંમતનો કેફી દ્રવ્યોનો જથ્થો નાર્કોટિક વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

ડ્રગ્સના આ જથ્થામાં અફીણ, ગાંજો, ચરસ, પોસડોડા અને તેનો પાવડર, હેરોઈન, મેફેડ્રોન (સ્ઢ)નો સમાવેશ થાય છે. જો કે સરકાર દ્વારા આ ગુનામાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી તે માહિતી આપવામાં આવી નથી પરંતુ દારૂ અને કેફી દવ્યોના ગુનામાં ૪૫૪૫ આરોપીઓની ધરપકડ થવાની બાકી છે. સૌથી વધુ દારૂ અમદાવાદ અને રાજકોટમાંથી પકડવામાં આવ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad Jaquar experience bathing DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com